# સુરત મહાનગરપાલિકા

<u>પ્રેસનોટ (COVID-19)</u>

તા.૦૧/૦૪/૨૦૨૧

કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારીને ધ્યાને લઈ શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રકારની આરોગ્યલક્ષી કામગીરી સરકારશ્રીની કોવિડ–૧૯ની માર્ગદર્શિકા મુજબ તાકીદના ધોરણે કરવામાં આવી રહી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા દિન–પ્રતિદિન વધી રહેલા કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા શહેરના તમામ ઝોન વિસ્તારમાં વધુમાં વધુ ટેસ્ટીંગ ની કામગીરી કરવામાં આવી રહી છે. જે પૈકી તા.૩૧/૦૩/૨૦૨૧ના રોજ અઠવા ઝોન વિસ્તારના "સેન્ટ્રલ મોલ"માં ૨૪૦ કર્મચારી/માલિકોનું ટેસ્ટીંગ કરવામાં આવેલ જે પૈકી કુલ ૧૭ કર્મચારી/માલિકો કોરોના પોઝિટિવ આવેલ છે જે ગંભીર બાબત હોય અને વધુ કોરોનાનું સંક્રમણ ન ફેલાય જે ધ્યાને લેતા સેન્ટ્રલ મોલ બંધ કરાવવામાં આવેલ છે. સુરત શહેરના જુદા–જુદા ઝોન વિસ્તારમાં આવેલ તમામ મોલ, દુકાનો, ટેકસટાઈલ, ડાયમંડ યુનિટોના કર્મચારી/માલિકોએ કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે ફરજીયાત ટેસ્ટીંગ કરાવવા, માસ્ક પહેરવા તથા કોરોનાની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે. કોરોના ટેસ્ટીંગ કરવા માટે ટેસ્ટીંગ સેન્ટરની માહિતી https://tinyurl.com/AntigenTestingCentres/ લીંક પરથી મળી શકશે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં. ૦૧**
**તા.૦૧/૦૪/૨૦૨૧**